Volume : 4 | Issue : 9 | Sept 2015 ISSN - 2250-1991

Research Paper Medical science

ઉરુભઙ્ગમ્ સંસ્કૃત સાહિત્યની એક આદર્શ કરુણાન્તિકા :

Pro. Arvind J.Thakor

આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢા, સરનામુ : અતુલપાર્ક સોસાયટી, પ્લોટ નં. ૧૦, બાલાખાડી, કિલ્લા પારડી, જિ. વલસાડ.

KEYWORDS

પ્રસ્તાવના :

ભારતના પ્રાચીન ગ્રંથોમાં મહાભારત ગ્રંથ વિશેષ મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ છે.તે ઈતિહાસ તરીકે જાણીતો અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિશ્વકોષની ઉપમા આપવામાં આવી છે. કારણ કે તેમાં સમગ્ર જીવનની સર્વ બાજુઓને આવરી લેવામાં આવી છે. લગભગ એક લાખ શ્લોકો ધરાવતા વિપુલકાય મહાભારતનો અભ્યાસ કરતા જણાય છે કે ધર્મ,નીતિ, તત્ત્વજ્ઞાન, રાજનીતિ, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વગેરે અનેક શાસ્ત્રોના વિષયોની ચર્ચાથી ભરપૂર છે. આ ગ્રંથ અણમોલ રત્નોની માફક એક અતુટ ખાણ છે. ગીતાએ મહાભારતરૂપી મહેલનું અદ્‌ભૂત વિચાર રત્નોથી શોભતું મયૂરાસન છે. મહાભારતની સુદીર્ઘ કથા ૧૮ પર્વોમાં છે. દરેક પર્વ, ઉપપર્વ અને અધ્યાયોમાં વહેંચાયેલું છે.

મહાકવિ ભાસનો પરિચય :

સંસ્કૃત સાહિત્ય સ્વામીઓમાં મહાકવિ ભાસનું સ્થાન અજોડ છે. સંસ્કૃત સાહિત્યનો પ્રથમ નાટયકાર ભાસનું નાટયસાહિત્યમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે અને પ્રાચીન નાટયકાર તરીકે પ્રસિદ્ધ છે કવિ ભાસ નાટકોની રચનામાં સર્વપ્રથમ કવિ છે. કવિ ભાસના નાટકોમાં અનેકતા, વિવિધતા અને તેની મૌલિકતામાં કુશળ નાટયકાર તરીકેનો પરિચય જોવા મળે છે. સંસ્કૃત ભાષાઓમાં એકાંકી નાટકોની રચનામાં સર્વ કવિઓમાં સર્વ પ્રથમ કવિ ભાસ છે. નાટકોમાં પ્રત્યક્ષ ઘટનાઓ યુદ્ધભૂમિનું વર્ણન, પાત્રોની ચરિત્ર-ચિત્રણ, પાત્રો-વાસ્તવિક મનોવિજ્ઞાનિકના નવીન પ્રભાવો, સંવાદો વગેરે કવિ ભાસનાં નાટકોમાં જોવા મળે છે. તેમના ભાસનાટક ચક્ર તરીકે ૧૩ નાટકોની રચના કરી છે.

- મહાભારત પર આધારિત છ નાટકો

૧) દૂત વાક્યમ્ ૨) દૂત ઘટોત્કચમ ૩) મધ્યમ વ્યાયોગ ૪) પંચરાત્રમ્ ૫) કર્મભારમ્ ૬) ઊરુભંગમ્

- રામાયણ કથા પર આધારિત બે નાટકો

૧) અભિષેક નાટકમ્ ૨) પ્રતિમા નાટકમ્

- હરિવંશ પર આધારિત એકનાટક : ૧) બાલચરિતમ્
- ઉદયન કથા પર આધારિત બે નાટકો : ૧) સ્વપ્નવાસવદત્તમ્ ૨) પ્રતિજ્ઞાયૌગન્ધરાયણમ્

- લોક કથા પર આધારિત બે નાટકો : ૧) અવિમારકમ્ ૨) ચારુદત્તમ્ આમ તેર નાટકો ત્રિવેન્દ્રમ નાટકો તરીકે ઈ.સ. ૧૯૧૨માં ત્રિવેન્દ્રમનામહામહોપાધ્યાય ટી. ગણપતિ શાસ્ત્રીએ મલયાલય લિપિમાં હસ્તપ્રતરૂપે શોધીને પ્રકાશિત કર્યા જે આ તેર નાટકો ભાસનાટકચક્ર તરીકે ઓળખાય છે. તમામ નાટકો કવિ ભાસના છે એમ સિદ્ધ થતા પછી ઈ.સ. ૧૯૧૩ સુધીમાં આ નાટકો ક્રમશઃ છપાવીને પ્રકાશિત થયા. જેમાં સ્વપ્ન વાસવદત્તમ્ નાટક બધા નાટકોમાં શ્રેષ્ઠ ગણના પામ્યું અને સંસ્કૃત સાહિત્યમાં નાટયકાર તરીકે કવિ ભાસનું નામ પ્રસિદ્ધ થયું.

- 'ઊરુભંગ' એક આદર્શ કરુણાન્તિકા :

ઉરુભઙ્ગમ્ સંસ્કૃત સાહિત્યની એક આદર્શ કરુણાન્તિકા તરીકે પ્રસિદ્ધ પામ્યું છે. મહાકવિ ભાસે એને હૃદય સ્પર્શી કરુણાન્તિકા બનાવવાનો સભાન પ્રયાસ કર્યો છે. મહાભારત ના શલ્યપર્વમાં આવતા ગંદાયુદ્ધ પર્વમાંથી મહાકવિ ભાસે આ નાટકની પ્રેરણા મેળવી છે. પણ મૂળ કથાનકમાં હેતુપૂર્વક કરવામાં આવેલા કેટલાક ફેરફારો કવિના આ કૃતિ રચવા પાછળના ઉદ્દેશને સ્પષ્ટ કરે છે. મૂળ કથાનકમાં કરવામાં આવેલા પરિવર્તનોથી પરિસ્થિતિની કરુણતા અને પાત્રગૌરવ એમ બે પ્રકારના હેતુઓ સિદ્ધ થાય છે. જે કરુણરસને પુષ્ટ કરે છે. મૂળ કથાનકમાં દુર્યોધનની જાંઘ પર પ્રહાર કરવાની સંજ્ઞા અર્જુન આપે છે. જ્યારે અહીં કૃષ્ણ આ સંજ્ઞા આપે છે. ગદાયુદ્ધ પ્રસંગે વિદૂર અને વ્યાસને પણ ઉપસ્થિત રાખ્યા છે. મૂળ કથાનકમાં ભીમના અધર્મ આચરણને કારણે ગુસ્સે થયેલા બલરામને શ્રીકૃષ્ણ શાંત કરે છે. જ્યારે અહીં દુર્યોધન પોતે બલરામને શાંત કરે છે અને તે અંત સુધી રણભૂમિઉપર હાજર રહે છે. મૂળ કથામાં ધૃતરાષ્ટ્ર, ગાંધારી, દુર્યોધનની રાણીઓ, દુર્જય વગેરે યુદ્ધ ભૂમિ ઉપર આવતા નથી અને હસ્તિનાપુરમાં જ રહે છે. અને શ્રીકૃષ્ણ એમને સાંત્વન આપે છે. અહીં દુર્યોધનના સ્વજનો સાથેના મિલાપનું દૃશ્ય, સ્વજનોનો મિલાપ અને દુર્જયના દૃશ્યનું સર્જન કરીને નાટકકારે કરુણ રસને નિષ્પન્ન કરવાની ખાસ કાળજી લીધી છે. આ ઉપરાંત દુર્યોધનના પાત્રનું આમૂલ પરિવર્તન કરીને તેના પરાજયમાં પોતે શ્રીકૃષ્ણને રસ લેતા બતાવીને તથા બલરામને એનો પક્ષ લેતા દર્શાવીને કવિએ દુર્યોધનના પાત્રનું ઊર્ધ્વીકરણ કરવાનો પ્રયાસ કર્યો છે. ઙ્ગઉરુભઙ્ગમ્ નો દુર્યોધન મહાભારત ના દુર્યોધન કરતા જુદી ભાત પાડે છે. અંતકાળે એના સ્વભાવમાં આમૂલ પરિવર્તન કર્યું છે. વેરભાવનાની નિરર્થકતા અન યુદ્ધની અસારતા અનુભવતો દુર્યોધન પાંડવો તરફ સમભાવ અનુભવે છે. બલરામને એના ઉપર ગુસ્સે ન થવા વિનવે છે. પોતાના પુત્ર દુર્જયને પાંડવો તરફ વેરભાવ ભૂલી જઈ પૂજ્યભાવ રાખવા જણાવે છે. પોતાની જે કાંઈ પરિસ્થિતિ થઈ હોય તેમાં પોતાનો અસંતોષ જ કારણભૂત હતો એમ તે સ્પષ્ટ જણાવે છે. હવે જ્યારે અંતકાળ નજીક આવ્યો છે ત્યારે તે પોતાનું વેરઝેર ભોંયમાં ભંડારી દેવા ઉત્સુક છે. વૈરં च विग्रहकथाश्च वयं च नष्टाः। એમ કહેતા દુર્યોધનના સ્વભાવમાં જાણે કે ગુણાત્મક પરિવર્તન આવ્યું જણાય છે ગુસ્સે થયેલો અશ્વત્થામા દુર્યોધનને શ્શ્આ શું ? એમ પૂછે છે ત્યારે પણ તે તો એવું જ કહે છે. गुरुपुत्र ! – फलमपरितोषस्य । આમ દુર્યોધનના પાત્રને ઉદાર અને ક્ષમાશીલ દર્શાવીને નાટકકાર દુર્યોધન માટે પ્રેક્ષકોની સહાનુભૂતિ જીતી લે છે. દુર્યોધનનો વધ અધર્મથી કરવામાં આવ્યો તે હકીકત પર વારંવાર ભાર મૂકીને અને એના પાત્રનું ગૌરવ વધારીને – નાટયકાર એના ભવ્ય અંતને કરુણાતા ઉપસાવવા માગે છે. ભીમે પોતાનો કપટથી વધ કર્યો તેથી અંતે તો પોતાનું ગૌરવ જ જળવાયું છે. એમ દુર્યોધનને પોતાને પણ લાગે છે. પોતાના વધમાં ભીમ તો નિમિત જ છે ખરેખર તો એની પાછળનો દોરીસંચાર અને શક્તિ શ્રીકૃષ્ણના છે. એ વિચારે દુર્યોધન પુલકિત થાય છે. એટલું જ નહિ એ શ્રીકૃષ્ણ તરફ ભક્તિભાવ અનુભવે છે. જેને પરિણામે દુર્યોધનનું વ્યક્તિત્વ વધારે વિશદ બનવા પામ્યું છે. અશ્વત્થામા રાત્રિ સંહારની પ્રતિજ્ઞા કરે છે. ત્યારે પણ તે તો માત્ર પોતાના દુષ્કૃત્યો સ્મરીને એના પ્રમાણમાં તો પાંડવોને કંઈ જ કર્યું નથી એમ કહી અશ્વત્થામાને બીજુ કોઈ દુષ્કૃત્ય ન કરવા જણાવે છે. વળી, અશ્વત્થામાની સંહાર લીલા જોઈને જ મહાભારત માં સંતોષનો શ્વાસ લેતા દુર્યોધનને આ નાટકમાં એની પહેલાં જ મૃત્યુ પામેલો બતાવ્યો છે અને તે રીતે દુર્યોધનનું ગૌરવ જાળવી રાખ્યું છે. જો કે દુર્જયનો વાચિક રાજ્યાભિષેક દુર્યોધનને પ્રસન્ન કરે છે. પણ તે વિશેષ તો એનો વાત્સલ્યભાવ પ્રગટ અને કદાચ દુર્યોધનના પાત્રને ન્યાય આપવાનો પણ એમાં કવિનો આશ્રય હોયતે શક્ય છે. દુર્યોધનનું આ પ્રકારનં પાત્ર નિરૂપણ જ પ્રેક્ષકોને સહાનુભૂતિ પ્રાપ્ત કરી કરુણરસને પુષ્ટ કરવામાં ઉપકારક બને છે.

દુર્યોધનનું એના સ્વજનો સાથેનું મિલન પણ કરુણરસને કેન્દ્રમાં રાખીને જ આલેખાયું છે. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીની કરુણતા તથા રાણીઓનું ઠૈંયાફાટ રુદન દુર્યોધનનાં કારુણ્યને પુષ્ટ કરે છે. આમાં પણ દુર્જય અને દુર્યોધનના મિલનનો પ્રસંગ તો અત્યંત હૃદયસ્પર્શી બનવા પામ્યો છે. પોતાની જાંઘ ભાંગી જવાને કારણે તેને ખોળામાં બેસાડવાની અશક્તિ અને જેને પરિણામે નિષ્પન્ન થતી દુર્યોધનની લાચારી અત્યંત મર્મસ્પર્શી બનવા પામી છે. નિર્દોષ બાળક દુર્જય દુર્યોધનની પાછળ જવા હઠ પકડે છે. ત્યારે દુર્યોધન કહે છે गच्छ पुत्र ! एवं वृकोदरं बूहि ।" (જા બેટા, જઈને ભીમને આમ કહે.) દુર્યોધનનાં આ વચનો અત્યંત વેધક છે. ભીમે દુર્યોધનને જે નિર્મમતા અને અધમતાથી હણ્યો એ સંદર્ભમાં આ પંક્તિઓ વાંચતા એની કરુણતા ખૂબ જ વધી જાય છે. વિવેચકોએ આ દૃશ્યમાં રહેલી કરુણતાને સંસ્કૃત સાહિત્યમાં વિરલ ગણાવી છે.

કેટલાક વિદ્વાનોએ ઉરુભંગ ને કરુણાન્ત કહી શકાય કે કેમ એવો પ્રશ્ન ઉઠાવ્યો છે. પણ સમગ્ર નાટકમાં દુર્યોધનના પાત્રનું જે રીતે આલેખન કરવામાં આવ્યું છે અને વસ્તુ સંકલનના તથા પરિસ્થિતિના નિર્માણમાં કવિ એ જ પ્રકારનો ઉદ્દેશ નજર સમક્ષ રાખ્યો છે. તે જોતા તે કરુણાન્તિકા છે એ નિઃશક છે. એરિસ્ટોટલ અને પ્રાક્ષ્ચાત્ય વિચાર સરણિ પ્રમાણે નાયક પોતાની ચરિત્રગત એવી કોઈ દુર્બળતાને કારણ કે વિપરીત પરિબળોનો સામનો કરતાં કરતાં નિષ્ફળ જાય અને એને પરિણામે મોતને ભેટે ત્યારે કરુણાન્તિકા સર્જાય છે. અહીં દુર્યોધનના પાત્રને કવિએ જે રીતે ઊર્ધ્વીકૃત દર્શાવ્યું છે. તે જોતાં તે નાયક છે તેસ્પષ્ટ છે. ભીમ એની સાથે અધર્મ આચરણ કરે છે. પણ પોતે અધર્મનો આશ્રય લેતો નથી. એને દુર્યોધન ગ્રીક

ટ્રેજેડીના નાયકની ઘણી નજીક આવેલો છે. ડૉ. જે. કે. ભટ્ટ ઊરુભંગ ને ટ્રેજેડી અને ચારિત્ર્ય કહે છે. પ્રો. દેવધર પણ આજ હકીકતને સમર્થન આપતા કહે છે ઊરુભંગ ટ્રેજેડી અને દુર્યોધન. ઊરુભંગની વસ્તુ સંકલના અને પાત્રાલેખનને કરુણાન્તિકા સિદ્ધ કરવા પૂરતાં છે. તખ્તાલાયકી અને પ્રયોગ વિજ્ઞાનની

દૃષ્ટિએપણ ઊરુભંગ એક વિશિષ્ટ નાટક છે. એમા ભીમ અને દુર્યોધનના ગદાયુદ્ધના વર્ણનમાં કવિનો કલ્પના વૈભવ અને વર્ણન કૌશલ્ય જણાય આવે છે. કાવ્ય દ્વારા પાત્રોના ગહન મનોભાવોને વેધક શૈલીમાં વાચા આપવામાં પણ કવિ ખૂબ સફળ રહ્યો છે. યુદ્ધની ભયાવહ અસરોને પાર્શ્વભૂમાં રાખીને આલેખવામાં આવેલું દુર્યોધનની અસહાયતાનું દૃશ્ય અત્યંત રોચક અને હૃદયંગમ બનવા પામ્યું છે. નાટકમાં આવતા સંવાદો ખૂબ જ ચોટદાર અને કાર્યવેગની ઉણપ પૂરી પાડવામાં સમર્થ છે. દુર્યોધન અને દુર્જય તથા દુર્યોધન અને બલરામ વચ્ચેનો સંવાદ ઘણો જ ચોટદાર અને પ્રભાવક છે. સમગ્ર નાટકમાં વ્યાપીને રહેલો કરુણરસ નિષ્પન્ન કરવામાં કવિ ખૂબ જ સફળ થયા છે. દુર્યોધન અને ભીમનાં ગદાયુદ્ધનાં વર્ણનોમાં વીરરસનું નિરૂપણ પણ છે. યુદ્ધની યજ્ઞ સાથેની સરખામણી અને યુદ્ધભૂમિની ક્ષત્રિયના આશ્રય સાથેની સરખામણી પણઘણી જ રોચક છે. બલરામ તથા અશ્વત્થામાના વચનોમાં રૌદ્ર રસ છે. જ્યારે દુર્યોધનના તત્ત્વજ્ઞાન સભર વચનોમાં શાન્તરસની ઝલક પણ દેખાય છે. વિવિધ રસને નિષ્પન્ન કરવામાં કવિને પૂર્ણ સફળતા મળી છે. વિવેચકોએ ઋરુભંગ ને ભાસનું જ નહિ, સંસ્કૃત સાહિત્યનું પણ એક વિરલ નાટક ગણવામાં આવ્યું છે.

REFERENCES

૧. ભાસ એક અધ્યયન – પ્રો. શાંતિકુમાર એમ. પંડયા ૨. સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ – પ્રકાશક – અશ્વિનકુમાર બી. શાહ ૩. મહાકવિ ભાસ – ડૉ. શાંતિકુમાર એમ. ક્રપંડયા ૪. ઊરુભંગમ્ – પ્રકાશક – પંકજ આર. ગાંધી (પોપ્યુલર પ્રકાશક) ૫. સંસ્કૃત નાટકોનો પરિચય – લેખક – ડૉ. તપસ્વી નાન્દી